સને. ૨૦૧૪-૧૫ માં નવી બાબતે પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન સાથે "દૂધ સંજીવની યોજના" હેઠળ પોષણક્ષમ દૂધ આપવા બાબત.

ગુજરાત સરકાર,

ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૪/૧૭/૨,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.૧૭/૦૯/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-મભય-૧૩૮૪-ક, તા.૯-૧૧-૮૪.

(૨) કમિશનરશ્રી,મ.ભો.યો.નો તા.૨૪-૭-૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ-મભય/અમલ-૪/૧૪/૬૮૦૬.

(3) કમિશનરશ્રી,મ.ભો.યો.નો તા.૧૩-૮-૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ-મભય/અમલ-૪/૧૪/૭૭૪૫.

પ્રસ્તાવનાઃ-

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને "મધ્યાહ્ન ભોજન યોજના" હેઠળ આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના ઠરાવ અન્વયે પોષણક્ષમ આહાર આપવામાં આવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની પ્રતિવર્ષ આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. રાજયમાં કુપોષણનું પ્રમાણ વધારે હોય તેવા પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં વિટામીન, પ્રોટીન કેલ્શિયમ અને ક્ષાર તત્વોની ઉણપ જણાય છે. આવા વિદ્યાર્થીઓને નાની વયે પોષણક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા

તત્વોની ખામી દૂર કરી શકાય અને વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય અને તેઓના આરોગ્યમાં સુધારા થાય તે માટે મીડ ડે મિલ્ક યોજના **"દૂધ સંજીવની યોજના"**ના નામથી અમલમાં મુકવા વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૨) પરના કમિશનર, મ.ભો.યો.ની દરખાસ્ત અન્વયે **"દૂધ સંજીવની યોજના"** માટે સને.૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ નવી બાબતે રૂ.૪.૫૮ કરોડની જોગવાઇ પૈકી રૂ.૩.૩૯ કરોડની રકમનો ખર્ચ કરવા વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત મળેલ હતી.

**ઠરાવઃ-**

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રાજયના આદિજાતિ વિસ્તારમાં અમલી **"દૂધ સંજીવની યોજના"**ના બધા ધારા ધોરણ મુજબ (પેટર્ન ઉપર), પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકા અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો સંપૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે ઉકત તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓને અઠવાડિયામાં પાંચ દિવસ લેખે પોષણક્ષમ આહાર તરીકે દૂધ આપવાની, મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત મીડ ડે મિલ્ક યોજના **"દૂધ સંજીવની યોજના"** અમલી બનાવવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ પોષણક્ષમ આહારની સાથે મીડ ડે મિલ્ક યોજના હેઠળ **"દૂધ સંજીવની યોજના"** હેઠળ અઠવાડિયામાં પાંચ દિવસ પ્રતિદિન ૨૦૦ એમ.એલ. દૂધના પાઉચ બાળક દીઠ પ્રાયોગિક ધોરણે પ્રાથમિક તબકકે પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આપવાની બાબતને આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે જે અન્વયે (૧) ૩૪૫૪૧ વિદ્યાર્થીઓ માટે ૧૨૦ દિવસ માટે રૂ.૭.૫૦ પ્રતિ પાઉચની ૨૦૦ એમ.એલ. ફલેવર્ડ દૂધ કિંમત ગણતાં રૂ.૩.૧૧ કરોડ (૨) ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પ્રતિ પાઉચ ૫૦ પૈસા લેખે રૂ.૦.૨૧ કરોડ અને (3) ઈન્સ્યુલેટેડ કેરેટના ૩૧૭ શાળાઓ માટે ૩ કેરેટ લેખે રૂ.૬.૭ લાખના ખર્ચે આ

યોજના બનાસડેરી અને સાબરડેરીના સહયોગથી નીચે દર્શાવેલી શરતો અને બોલીઓને આધિન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

**બોલીઓ અને શરતોઃ-**

(૧) આ યોજનાનું નામ **"દૂધ સંજીવની યોજના"** રહેશે.

(૨) આ યોજના પ્રારંભમાં પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આ યોજના ચાલુ કરવામાં આવશે. જેમાં બન્ને તાલુકાની ૩૧૭ જેટલી પ્રાથમિક શાળાઓના ૩૪૫૪૧ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે.

(૩) દૂધ વિતરણ અંગેની વ્યવસ્થા બાબતે સબંધિત જિલ્લાના નાયબ કલેક્ટર મધ્યાહ્ન ભોજન યોજનાએ જરૂર જણાયે સબંધિત જિલ્લાના પ્રાયોજના વહીવટદાર સાથે વિચારણા કરીને રૂટ નકકી કરવાનો રહેશે.

(૪) દૂધ વિતરણ વ્યવસ્થા માટે પેંકીગના પાઉચ ઉપર **"વેચાણ માટે નથી."** તેવું સ્પષ્ટ લખવું અને દૂધના પાઉચની વેચાણ કિંમત લખવાની રહેશે નહિ તેમજ ડેરીનો ફોન નંબર અને ૨૦૦ એમ.એલ. ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધમાં ફેટ, કાર્બોહાઇડ્રેટ પ્રોટીન, ખનીજ, કેલ્શિયમ, વિટામીન-એ અને વિટામીન-બીની માત્રા કેટલી રહેશે. તેનું કોમ્પોઝીન સ્પષ્ટ વંચાય તે રીતે દર્શાવવાનું રહેશે અને સ્વચ્છતા અંગેનો પણ નિર્દેશ કરવાનો રહેશે.

દૂધની ફ્લેવર ઇલાયચીની રહેશે. તેમાં નીચે મુજબના ખનીજો અને વિટામીનનો સમાવેશ કરવામાં આવશે.

200 ml fortified fiavoured Double Tonned Pastauriaed Milk.

Fat : 3 gm

Total Carbohydrate 24 gm

Prctein 7 gm.

Viramin A 500 IU cqvivalent to 150 mcg.

Viramin D 40 IU cqvivalent to 1 mcg.

(૫) દૂધનું વિતરણ કરવા માટે બનાસ ડેરી દ્વારા પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના અને સાબર ડેરી દ્વારા અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ડેપોની વ્યવસ્થા કરવાની રહેશે. ડેપોએથી દૂધના ઈન્સ્યુલેટેડ વાન મારફતે દરેક શાળાએ પહોંચાડવાનું રહેશે. દૂધના પાઉચ માટે ઈન્સ્યુલેટેડ કેરેટનો ઉપયોગ કરવાનો રહેશે. દરેક કેરેટમાં ૬૦ જેટલા પાઉચનો સમાવેશ કરવાનો રહેશે.

(૬) ડીલીવરી અંગેની કાઉન્ટર ફોઇલ ડેપો પર રાખવામાં આવશે. ડેપો પર એક પાવતીબુક રહેશે. કાઉન્ટર સહી સાથે એક પાવતી ડેરીના સપ્લાયરને પરત આપવામાં આવશે.

(૭) શાળાઓએ જાહેર રજા, રવિવારની રજા તથા દૂધ બંધ રાખવાનું હોય તે દિવસના પ્રસંગોએ દૂધ બંધ રાખવા માટે એક દિવસ અગાઉ જાણ કરવાની રહેશે. શાળા તરફથી ઇન્ડેન્ટ રજૂ થાય તે મુજબ દૂધ સપ્લાય કરવાનું રહેશે.

(૮) દૂધ વિતરણ માટે બનાસ ડેરી અને સાબર ડેરી ટેન્ડર પધ્ધતિથી ટ્રાન્સપોર્ટેશનના ભાવ મંગાવશે અને ટેન્ડર પધ્ધતિથી કોન્ટ્રાકટ આપવાનો રહેશે. બનાસ ડેરી અને સાબર ડેરી જે કોન્ટ્રાકટર નકકી કરે તે કોન્ટ્રાકટર સાથે સબંધિત જિલ્લાના નાયબ કલેકટર (મ.ભો.યો.)એ કરાર કરવાનો રહેશે. ટ્રાન્સપોર્ટેશનના નકકી થયેલ નિયત ભાવ મુજબ બનાસ ડેરી અને સાબર ડેરી મારફત ચુકવણું કરવાનું રહેશે.

(૯) ટ્રાન્સપોર્ટરે એક ડાયરી રાખવાની રહેશે. જેમાં નીચેની વિગતો દરરોજ નોંધવાની રહેશે.

૧. બનાસ ડેરી અને સાબર ડેરીના ડેપો પરથી કેટલા ઈન્સ્યુલેટેડ બોકસ આપ્યા ?

૨. કેટલા નંગ પાઉચ આપ્યા ?

૩. કેટલા વાગ્યે નિશાળને દૂધ પહોંચાડયું ? તેના સમય, તારીખ સાથે સહી મેળવવાની રહેશે.

૪. બીજા દિવસે કેટલા દૂધની(પાઉચ)ની જરૂરીયાત છે ? તે માટેનું ઇન્ડેન્ટ મેળવવાનું રહેશે.

૫.	માસ પૂરો થતાં આ ડાયરી કોન્ટ્રાકટરે બનાસ ડેરી અને સાબર ડેરીના ડેપોમાં જમા કરાવવાની રહેશે.

૯.	ડેપોવાઇઝ કોન્ટ્રાકટરની ડાયરી મુજબ કેટલું દૂધ મળ્યું અને બીજા દિવસ માટે કેટલી જરૂરીયાત રહેશે ? તેની વિગત ડેપોએ જમા-ઉધાર મુજબ હિસાબ રાખવાનો રહેશે અને તે મુજબ ડેપો ઇન્ચાર્જએ ડાયરીમાં પ્રતિસહી કરવાની રહેશે.

(૧૦) સાંતલપુર અને મોડાસા તાલુકાની શાળાઓમાં સવારે ૧૧-૦૦ વાગ્યે વિદ્યાર્થીઓને દૂધ પહોંચી જાય તે રીતે સમય અને સ્થળની પરિસ્થિતિના આધારે રૂટ નકકી કરવાનો રહેશે.

(૧૧) સબંધિત જિલ્લાના નાયબ કલેકટર(મ.ભો.યો.) સાંતલપુર અને મોડાસા તાલુકાની ગામની શાળાઓનું લીસ્ટ, વિદ્યાર્થીઓની સંખ્યાની વિગત બનાસ ડેરી અને સાબર ડેરી મારફત ટ્રાન્સપોર્ટરને આપવાનું રહેશે.

(૧૨) ચાલુ શૈક્ષણિક સત્રમાં યોજનાનું અમલીકરણ થાય તે તારીખથી ૩૦ એપ્રિલ સુધીમાં દિવસો આવરી લેવાના રહેશે. તે મુજબ શાળા અને વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ખર્ચની વિગતો સબંધિત જિલ્લાના નાયબ કલેકટર(મ.ભો.યો.)એ તૈયાર કરવાની રહેશે.

(૧૩) કયા કયા રજીસ્ટર રાખવા અને તે કઇ રીતે નિભાવવા તે અંગેની જરૂરી સૂચના કમિશનરશ્રી, મધ્યાહ્‌ન ભોજન યોજના દ્વારા સબંધિત નાયબ કલેકટર, મધ્યાહ્‌ન ભોજન યોજનાને આપવાની રહેશે.

(૧૪) દરેક શાળામાં શાળા સંચાલકનો તાત્કાલિક સંપર્ક થઇ શકે તે માટે ટેલીફોન નંબરોની યાદી બનાવવાની રહેશે તેમજ શકય હોય તો વ્યકિતગત મોબાઇલ નંબર પણ મેળવી યાદી બનાવી બનાસ ડેરી અને સાબર ડેરીના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરને આપવાની રહેશે. આવી રીતે દરેક શાળાને બનાસ ડેરી અને સાબર ડેરીના ડેપો નંબર તથા કોન્ટ્રાકટરના વાહન ચાલકનું નામ અને તેના મોબાઇલ ફોન નંબર મેળવીને આપવાનો રહેશે.

(૧૫) હાલમાં આ યોજના પ્રાયોગિક ધોરણે શરૂ થનાર હોઇ વિદ્યાર્થીઓના ન્યુટ્રિશન અને સ્વાસ્થયમાં કોઇ ફેરફાર થાય તે જોઇ શકાશે નહિ. ઓછામાં ઓછા આ માટે પાંચ થી છ માસ જોઇએ. તેમ છતાં શરૂઆતના બન્ને તાલુકાઓના નજીકમાં આવેલ કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર (સી.એચ.સી.)માં વિદ્યાર્થીઓના રેન્ડમ ટેસ્ટ લઇ આરોગ્યની ચકાસણી કરાવવાની રહેશે. આ યોજનાના અમલીકરણના સાતથી આઠ માસ પછી કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા મૂલ્યાંકન કરાવવાનું રહેશે. તે અંગે મોનીટરીંગ અહેવાલ બાદ આ યોજનાની સમીક્ષા કરી આ યોજના આવતા વર્ષોમાં ચાલુ રાખવી કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહેશે.

(૧૬) આ યોજનાનો અમલ સબંધિત જિલ્લાના નાયબ કલેકટર (મ.ભો.યો.)એ બનાસ ડેરી અને સાબર ડેરીના સહયોગમાં મધ્યાહ્ન ભોજન યોજનાના પ્રવર્તમાન માળખામાં રહીને તેનો અમલ કરતાં અધિકારી/કર્મચારીઓ મારફતે કરવાનો રહેશે.

(૧૭) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૮) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૯) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૨૦) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખતની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૨૨) આ યોજનાનો અમલ ઠરાવ રવાના થયા તારીખથી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના સદર માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ, પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ, ગૌણ સદર-૧૦૨-મધ્યાહ્ન ભોજન (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૨/૦૮/૨૦૧૪ ની અને સરકારશ્રીની તા.૩૦-૮-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી. હળપતિ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- તમામ માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
-- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના રહસ્ય સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (ઉ. અને ટે. શિ.) ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
-- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- કમિશનરશ્રી, શાળાની કચેરી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-- એકાઉન્ટન્ટ  જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓની કચેરી.

-- જિલ્લા કલેકટરશ્રી પાટણ અને સાંબરકાંઠા.

-- જિલ્લા શિક્ષણ અધિકારી પાટણ અને સાંબરકાંઠા

-- જિલ્લા તિજોરી અધિકારી પાટણ અને સાંબરકાંઠા

-- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.

-- બજેટ શાખા/ નાણાં શાખા,  શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારૂં.

-- ના. સે. અ. સિલેકટ ફાઇલ.

-- સિલેકટ ફાઇલ.